# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-12-2025** **Evening : 7.00 to 7.10 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે દેશના GDPમાં સહકારી ક્ષેત્રનું યોગદાન વર્ષ 2023ની સરખામણીમાં ત્રણ ગણુ વધારવાની નેમ વ્યક્ત કરી
2. ગુજરાતની વધુ એક સિદ્ધિ - રાજ્યની માથાદીઠ આવક પહેલી વાર 3 લાખ રૂપિયાને પાર
3. છેલ્લા ચાર વર્ષમાં સરેરાશ વાર્ષિક 9.30 લાખ મેટ્રિક ટન મત્સ્ય ઉત્પાદન સાથે ગુજરાત દેશમાં બીજા ક્રમે
4. 'પરીક્ષા પે ચર્ચા'ની 9મી આવૃત્તિ જાન્યુઆરી 2026માં યોજાશે.
5. સરદાર પટેલની જન્મજયંતિ અંતર્ગત યોજાયેલી રાષ્ટ્રીય એકતા પદયાત્રા નર્મદાના ભાણદ્રા ગામે પહોંચી – આવતીકાલે સમાપન

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે દેશના કુલ ઘરેલુ ઉત્પાદન-GDPમાં સહકારી ક્ષેત્રનું યોગદાન વર્ષ 2023 ની સરખામણીમાં ત્રણ ગણુ વધારવાની સરકારની નેમ વ્યક્ત કરી. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે બે દિવસીય "અર્થ સમિટ"નો શુભારંભ કરાવતા શ્રી શાહે કહ્યું, સહકારી ક્ષેત્રના વિકાસ માટે દરેક પંચાયત દીઠ એક સહકારી સંસ્થા બનાવાશે.

(બાઇટ : AMIT SHAH – CO-OPERATIVE)

આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું, આગામી સમયમાં દેશમાં સહકાર ટેક્સી અને સહકાર વીમા સેવાઓ પણ અમલમાં આવશે.

(બાઇટ : AMIT SHAH – INSURANCE)

સમારોહને સંબોધતા શ્રી શાહે કહ્યું, બનાસકાંઠા-પંચમહાલનું "કો-ઓપરેશન એમોંગ્સ કો-ઓપરેટિવ" મોડલ જરૂરી સુધારા બાદ સમગ્ર દેશમાં લાગુ કરાશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, કૃષિ, ગ્રામીણ, માનવતા અને નવાચારના સશક્તિકરણ માટે યોજાઇ રહેલી આ સમિટ ગ્રામીણ અર્થતંત્રને સક્ષમ બનાવવાના વિચારોને સુસંગત છે. આ સમારોહ દરમિયાન કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહના હસ્તે "સહકાર સારથી" પહેલ તેમજ તેની ડિજિટલ સેવાઓનો શુભારંભ કરાયો.

શ્રી શાહે પોતાના લોકસભા મતવિસ્તાર ગાંધીનગરમાં રમતગમત સંકુલ, રેલવે ઓવરબ્રીજ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સહિતના વિકાસકાર્યોનું ઉદ્દઘાટન કર્યું હતું. આ ઉપરાંત તેમણે અમદાવાદમાં યોજાયેલા સાંસદ ખેલ મહોત્સવમાં પણ હાજરી આપી હતી. તેઓ બોડકદેવમાં શોપિંગ ફેસ્ટીવલનું ઉદ્દઘાટન કરશે.

-------------

# RUSHIKESH PATEL BETHAK

ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે ઉર્જા વિભાગની ચિંતન શિબિર યોજાઈ. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું, કે આજની ચિંતન બેઠકનો મુખ્ય મુદ્દો શૂન્ય અકસ્માતનો હતો. ત્યારે વીજ વિતરણ માટેની લાઈનમા કોઈ કર્મચારીનો જીવ ન જાય તે મુદ્દે ટેક્નોલોજીના માધ્યમથી તેના ઉકેલ માટે ચિંતન કરવામાં આવ્યું છે.

-------------

# GUJARAT PER CAPITA INCOME

દેશના ગ્રોથ એન્જિન ગુજરાતે વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે. રાજ્યની માથાદીઠ આવક પહેલી વાર ૩ લાખ રૂપિયાને પાર થઈ છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે વર્ષ 2023-24માં 24 લાખ 62 હજાર કરોડ રૂપિયાના કુલ રાજ્ય ઘરેલુ ઉત્પાદન-GSDP સાથે, ગુજરાત હવે મહારાષ્ટ્ર, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને કર્ણાટક પછી ભારતના ટોચના પાંચ સૌથી મોટા અર્થતંત્રોમાં સ્થાન ધરાવે છે.

2012-13થી 2023-24ના સમયગાળા દરમિયાન ગુજરાતે સરેરાશ 8.42 ટકા વૃદ્ધિ દર હાંસલ કર્યો છે, જે 10 લાખ કરોડ રૂપિયાથી વધુની અર્થવ્યવસ્થા ધરાવતા તમામ મુખ્ય રાજ્યોમાં સૌથી વધુ છે.

-------------

# GUJARAT FISHERIES

છેલ્લા ચાર વર્ષમાં સરેરાશ વાર્ષિક 9.30 લાખ મેટ્રિક ટન માછલી ઉત્પાદન સાથે ગુજરાત દેશમાં બીજા ક્રમે રહ્યું છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે રાજ્યના કુલ દરિયાઈ મત્સ્ય ઉત્પાદનમાં સૌરાષ્ટ્ર અને કચ્છનો સામૂહિક હિસ્સો લગભગ 80 ટકા છે. સૌરાષ્ટ્રના આઠ દરિયાકાંઠાના વિસ્તારો મળીને કુલ મત્સ્ય ઉત્પાદનમાં 70 ટકા કરતાં વધુ યોગદાન આપે છે. વર્ષ 2023–24ની સરખામણીએ રાજ્યએ દરિયાઈ ઉત્પાદનમાં 14 ટકાથી વધુનો વધારો નોંધાવ્યો છે, જે 2023-24 માં 7 લાખ 4 હજાર 828 મેટ્રિક ટન હતો.

ઉલ્લેખનીય છે કે રાજકોટમાં યોજાનાર વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદોમાં રાજ્ય દ્વારા મત્સ્યઉદ્યોગ વૃદ્ધિ અને દરિયાઈ નવીનતાનું પ્રદર્શન કરાશે.

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે

અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# Kuvarji Halpati - Surat

ધારાસભ્ય કુંવરજી હળપતિના હસ્તે સુરતના અરેઠ તાલુકાના ઝાબ ગામે 24 કરોડથી વધુના કામોનું ખાતમુહૂર્ત કરાયું.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા મંજૂર કરાયેલા આ કામોમાં રોડ રસ્તાઓ, ગ્રામપંચાયતો, સાંસ્કૃતિક ભવન, શાળાઓ તેમજ આંગણવાડી કેન્દ્રના બંધકામોનો સમાવેશ થાય છે.

-------------

# PARIKSHA PE CHARCHA

'પરીક્ષા પે ચર્ચા'ની 9મી આવૃત્તિ આવતા મહિને જાન્યુઆરીમાં યોજાશે. કાર્યક્રમમાં ભાગ લેવા ધોરણ 6 થી 12ના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો-વાલીઓ માટે પહેલી ડિસેમ્બરથી 11 જાન્યુઆરી દરમિયાન https://innovateindia1.mygov.in પર ઓનલાઈન MCQ પ્રકારની સ્પર્ધાનું આયોજન કરાયું છે. આ સ્પર્ધા દ્વારા સહભાગીઓને તેમના પ્રશ્નો પ્રધાનમંત્રીને સંબોધવા માટે આમંત્રિત કરવામાં આવે છે. NCERT દ્વારા

શોર્ટલીસ્ટ કરવામાં આવેલા પસંદગીના પ્રશ્નોનો 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સહભાગીઓને NCERT દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે.

આ કાર્યક્રમના પ્રચાર-પ્રસાર માટે શાળાઓએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ્સ અને #PPC2026 ટેગનો ઉપયોગ કરવા જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ તથા શાળાઓ પોતાના પોસ્ટર-ક્રિએટિવ વિડિયો વગેરે બનાવીને પણ પોસ્ટ કરી શકે છે, જેમાંથી પસંદ કરેલા વિડિયોને MyGov પ્લેટફોર્મ પર પ્રદર્શિત કરાશે.

-------------

# NARMDA EKTA YATRA

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિની ઉજવણીને નિમિત્તે કરમસદથી કેવડિયા સુધીની 150 કિલોમીટરની યાત્રાના પદયાત્રીઓ આજે નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના ભાણદ્રા ગામે પહોંચ્યા હતા. ત્યારે ભાણદ્રા ખાતે યોજાયેલ સભાને સંબોધતાં કેન્દ્રીય મંત્રી જી. કિશન રેડ્ડીએ જણાવ્યું કે, સરદાર પટેલનો માર્ગ જ ભારતને આત્મનિર્ભર, વિકસિત અને વિશ્વશક્તિ બનાવશે. તેમણે ઉમેર્યું, આ રાષ્ટ્રીય એકતા યાત્રામાં દેશભરમાંથી આવેલા હજારો યુવાનો વિશ્વ સમક્ષ ભારતની એકતા અને યુવાશક્તિનો સંદેશ આપી રહ્યા છે.

(બાઇટ : જી. કિશન રેડ્ડી, કેન્દ્રીય મંત્રી)

-------------

# BLO REFRESHMENT TAALIM -DANG

ડાંગ જિલ્લામાં મતદાર યાદી સુધારણા ઝુંબેશ હેઠળ ગણતરી ફોર્મ વિતરણ અને ડિજિટાઇઝેશનની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ થઈ છે. SIR કાર્યક્રમ અંતર્ગત ડાંગ જિલ્લાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો તેમજ નેટવર્ક વિહોણાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ જિલ્લાના BLO દ્વારા સમયમર્યામાં ઉત્કૃષ્ઠ કામગીરી કરવામાં આવતા આજે માલેગામ ખાતે તમામ BLO તથા સુપરવાઝર્સને બિરદાવવા રિફ્રેશમેન્ટ તાલીમ યોજાઇ.

-------------

# TRAIN

ભાવનગર મંડળમાંથી પસાર થતી પોરબંદર–દિલ્હી સરાય રોહિલ્લા એક્સપ્રેસ ટ્રેન આવતીકાલે 6 અને 9 ડિસેમ્બરે પરિવર્તિત માર્ગથી ચાલશે.

પોરબંદરથી દિલ્લી જાતવળતની આ ટ્રેન તેના નિર્ધારિત માર્ગ કુલેરા–જયપુર–રેવાડીના સ્થાને પરિવર્તિત માર્ગ કુલેરા–રીંગસ–રેવાડી મારફતે સંચાલિત થશે. આ સમયગાળા દરમિયાન આ ટ્રેન કિશનગઢ, કુલેરા અને જયપુર સ્ટેશનો પર રોકાશે નહીં. તેમ રેલવેની યાદીમાં જણાવાયું છે.

-------------